# શહેરમાં એક સપ્તાહમાં ૧૭૦૦ રક્તદાતાઓએ રક્તદાન કર્યુ

## રાજભવનથી માંડીને કડી કેમ્પસ તથા ઈજનેરી કોલેજના સંકુલોમાં રક્તદાતાઓએ રક્તદાનની સરવાણી વહાવી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર હંમેશા સામાજિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ધમધમતુ શહેર રહ્યું છે અને તે વાતની પ્રતિતિ છેલ્લાં એક સપ્તાહ દરમ્યાન શહેરમાં રક્તદાન જેવી સેવાકીય પ્રવૃતિ પર નજર કરવાથી થાય છે. છેલ્લા એક સપ્તાહમાં ગાંધીનગરની ધરતી પરથી અંદાજે સત્તરસો જેટલાં રક્તદાતાઓએ રક્તદાનની સરવાણી વહાવી પાટનગરને પુણ્યશાળી બનાવ્યું છે. આ રક્તદાન થકી માત્ર ગાંધીનગર જ નહી પરંતુ અમદાવાદ ખાતે પણ રાજયભરમાંથી સારવાર લેવા આવતા દર્દીઓનું જીવન બચાવવા ઉપયોગી નિવડશે.

આ સપ્તાહે ગાંધીનગરમાં તા. ૨૬મી જાન્યુઆરીએ શહેરમાં રક્તદાન કેમ્પ યોજાયા હતા જેમાં જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ રક્તદાનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા કડી કેમ્પસ ખાતે તા. ૧લી ફેબ્રુઆરીએ પૂ. માણેકલાલ પટેલની જન્મતિથી નિમિત્તે મહા રક્તદાન શિબિર યોજાઈ હતી. આ અગાઉ તા. ૩૦મી જાન્યુઆરીએ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે શહેરની સેકટર-૨૮ ખાતેની સરકારી ઈજનેરી કોલેજ ખાતે પણ યોજાયેલ રક્તદાન કેમ્પમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. અને અંતે આજે રાજભવન ખાતે રાજયપાલના ધર્મપત્નિના જન્મદિન પ્રસંગે યોજાયેલ રક્તદાન કેમ્પમાં રાજ્યભરમાંથી રક્તદાતાઓ ઉમટી પડ્યાં હતા. તેમજ સુરક્ષા બળોએ પણ રક્તદાન કર્યુ હતુ. આ તમામ રક્તદાન શિબિરોમાં મળીને ૧૭૦૦ જેટલા યુનિટ્સ રક્ત એકત્ર થવા પામ્યુ હતુ. જેમાં રાજભવન ખાતે આજે કુલ ૮૦૩ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતુ. જ્યારે ગઈકાલે કડી શૈક્ષણિક સંકુલના સે. ૨૩, સે. ૧૫ના કેમ્પસમાં થઈને કુલ ૬૦૫ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતુ. સેક્ટરોની ઈજનેરી કોલેજમાં પણ રાષ્ટ્રપિતાની યાદમાં યુવાનોએ ૧૮૨ યુનિટ્સ રક્તદાન કર્યુ હતુ. જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ રક્તદાન શિબિરમાં ૧૨ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતુ.

ગાંધીનગરમાં યોજાયેલા રક્તદાન કેમ્પોમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઉપરાંત અમદાવાદની સિવિલ હોસ્પિટલ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, કેન્સર સોસાયટી તથા અન્ય સંસ્થાકીય એજન્સીઓએ રક્ત એકત્ર કરવાની સેવાઓ આપી હતી. આમ શહેરની ધરતી પરથી આસરે ૧૭૦૦ જેટલી બોટલ રક્તદાન માત્ર એક જ સપ્તાહમાં થવા પામ્યું હતું. જે શહેરના સેવાભાવી નાગરિકોનો તથા યુવાનોનો સેવાકીય અભિગમ દર્શાવે છે.

### યુવતીઓ પણ હવે રક્તદાનમાં મોખરે

છેલ્લા સપ્તાહમાં યોજાયેલા તમામ રક્તદાન શિબિરો પર નજર કરીએ તો સ્પષ્ટ જણાય છે કે હવે યુવતિઓ રક્તદાનથી દૂર નથી રહેતી બલ્કે તેમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. તમામ રક્તદાન કેમ્પમાં મહિલા રક્તદાતાઓની સંખ્યા નોંધપાત્ર રહી હતી.

### જરૂર સમયે રક્તદાતાને જ 'સેવા' મળતી નથીનો કચવાટ

હજુ પણ કેટલાક રક્તદાતાઓને પોતે રક્તદાન કર્યા પછી જ્યારે પોતાને જરૂર પડે રક્તની ત્યારે રક્ત મળતુ નથી, સર્વિસ ચાર્જ તેમજ ફરજિયાત રિપ્લેસમેન્ટનો આગ્રહ રખાય છે. આ કારણે ઘણા રક્તદાતાઓ રક્તદાનથી અળગાં રહેવા લાગ્યાં છે. સરકારે આ બાબતે એક નક્કર નીતિ ઘડવી જરૂરી જણાય છ. જેથી રક્તદાન જેવી આવશ્યક સેવા પ્રવૃત્તિને આંચ ના લાગે.

# આજે બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગરનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ

ગાંધીનગર, તા.૨

બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગરનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ તા. ૩-૨-૧૯ને રવિવારના રોજ બપોર ૨.૩૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સેકટર-૧૭ ગાંધીનગર ખાતે યોજાશે. ધો-૧ થી ઉચ્ચ અભ્યાસક્રમમાં નામના મેળવનાર વિદ્યાર્થીઓનું પ્રોત્સાહીત ઈનામ આપી સન્માન કરાશે. આ પ્રસંગે સમાજના નવનિયુકત તેમજ વિશિષ્ઠ ક્ષેત્રે સિધ્ધી પ્રાપ્ત કરનાર યુવાનોનું પણ અભિવાદન કરવામાં આવશે. આ પ્રસંગે શહેરમાં વસવાટ કરતા સૌ બ્રહ્મભટ્ટ સમાજના નાગરીકોને સહ પરિવાર હાજર રહેવા સમાજના પ્રમુખે દિલિપસિંહ બ્રહ્મભટ્ટે અનુરોધ કર્યો છે.

# ગુડબાય હિતેશ કોયા...

## ૧૦ મહિનાના ટુંકાગાળામાં પણ પ્રેરણારૂપ અને યાદગાર કામગીરી કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કામ કરવાની મઝા આવી એટલુ જ નહિ પણ પંચાયત પરિવારે જે પ્રેમ અને લાગણી બતાવી છે તે હું ક્યારેય ભૂલી શકીશ નહિ એવા લાગણીસભર શબ્દો વિદાય લેતા જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ ઉચ્ચાર્યા હતા.




ગાંધીનગર જિલ્લા પંચાયતના પદાધિકારીઓ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા યોજાયેલ વિદાય સમારોહમાં બોલતાં કોયાએ જણાવ્યું હતુ કે સ્થળાંતર થયુ છે તે હકીકત છે. ૧૦ મહિનાના ટુંકાગાળામાં પણ તમામ શાખાઓ સાથે નિકટતાથી કામ કરવાની જે તક મળી અને ટીમ ભાવના સાથે વિકાસને વેગ આપવામાં આવ્યો છે તે માટે સૌ અભિનંદનના અધિકારી છે.

આ પ્રસંગે બોલતાં કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ કહ્યુ હતુ કે મૃદુ સ્વભાવ ધરાવતા કોયા સાહેબે પ્રેમ થકી સૌને જીતી લીધા હતા. જોકે ક્યાંક અમે આવેશમાં આવી અપમાનિત કરવાનો પ્રયાસ કર્યો હશે પણ આપે હસતાં હસતાં જ અમારી વાતો સ્વીકારી તેને યોગ્ય ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે જે વિસરી શકાશે નહિ.

આ પ્રસંગે જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ડી.ડી.ઓ. તરીકે માર્ગદર્શકની ભૂમિકા આપે જે રીતે નિભાવી છે અને તેમાંય આરોગ્ય વિભાગ માટે જે લાગણી દર્શાવી છે તે ભૂલી શકાશે નહિ.

આ પ્રસંગે આંકડા અધિકારી એન.જી. પટેલે જિલ્લા વિકાસ અધિકારી જ તરીકે તેમની કાર્યપદ્ધતિ જે હતી તેને વર્ણવતા કહ્યુ હતુ કે બદલીના કેસમાં પણ કોઈ દુઃખી નહિ થાય ને તેવુ પુછતા તે વાતનો ઉલ્લેખ કર્યો હતો.

જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલે ડીડીઓ સાહેબના માતૃશ્રીના અવસાન પછી પણ ફરજ માટે બે-ત્રણ દિવસમાં જ હાજર થઈ જે કામગીરી પ્રત્યેની નિષ્ઠા બતાવી છે તે પ્રેરણાદાયક રહી તેમ કહ્યુ હતુ.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલે અને પ્રોગ્રામ ઓફિસર આરતીબેન તેમજ પ્રોગ્રામ ઓફિસર તરીકે નવા હાજર થયેલા ચૌહાણ બેને રોગચાળા નિયંત્રણ અધિકારી અને આઈ ઈસી અધિકારીએ ઉદ્‌બોધન કર્યા હતા.

અંતમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલે આભારવિધિ કરી હતી જ્યારે કિરીટસિંહ રાઓલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અલ્યા, પાંચ લાખની છૂટમાં આટલો ખુશ શાનો થાય છે...? તને પાચ લાખ આપશે કોણ ? એ તો આ લોકો નહીં કહે...!!

# રિન્યુએબલ એનર્જી વિષયે પીડીપીયુ ખાતે પોસ્ટર મેકીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨




ગાંધીનગરની પંડિત દિનદયાલ ઉપાધ્યાય યુનિવર્સિટી ખાતે તાજેતરમાં પર્યાવરણના જતનને અનુલક્ષીને 'પ્લેનેટ અર્થ સસ્ટેનિંગ' વિષયે પોસ્ટર મેકીંગ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાની થીમ 'પુનઃ પ્રાપ્ય ઊર્જા અને ઊર્જા સંરક્ષણની ભવિષ્યમાં પડનાર જરૂરિયાત' રાખવામાં આવી હતી.

પીડીપીયુ ખાતે આયોજિત પોસ્ટર મેકીંગ સ્પર્ધામાં અંદાજે ૧૪૦થી વધુ ટીમોએ ભાગ લઈ તેમના રચનાત્મક અને સંશોધનાત્મક અભિગમ લક્ષી વિચારો દર્શાવતા પોસ્ટર્સ તૈયાર કર્યા હતા તેવું સ્પર્ધાના આયોજક અને અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપક ડૉ. નૌશીન નિઝામીએ જણાવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કૃતિકા સાવની, પ્રિયંક ભારતીય અને અદિતી રૂઘાણી, દ્વિતિય ક્રમે ઋષિ પ્રતાપ અને તૃતીય ક્રમે રચના કામાની તથા હેત કપડનેકર વિજેતા જાહેર કરાયા હતા. સ્પર્ધામાં જાણીતા થીએટર આર્ટિસ્ટ શૌર્ય જોષી, ઈન્ડસ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો ડૉ. ભાનુ શર્મા અને ડૉ. મનીષા દાલભીંડે ઉપરાંત સેપ્ટ યુનિવર્સિટીના ડિરેકટર ડૉ. સુબરાન્ગ્શું ગોસ્વામીએ નિર્ણાયક તરીકે સેવાઓ પુરી પાડી હતી.

# સચિવાલય સેક્શન ઓફિસર્સ એસો.ના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨

સચિવાલય સેક્શન અધિકારી એસોસિએશનના વર્ષ ૨૦૧૯ના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

એસોસીએશનના પ્રમુખ તરીકે નંદુભાઈ પટેલ, મહામંત્રી તરીકે ભવાનસિંહ પરમાર, ઉપપ્રમુખ તરીકે જયેશભાઈ રાવલ અને ડૉ. હાર્દિક પ્રજાપતિ, સહમંત્રી તરીકે કિશોરસિંહ પરમાર અને વિશાલકુમાર, સંગઠન મંત્રી તરીકે ડૉ. વિશ્વાસ દેસાઈ અને રોનક મોદી, ખજાનચી તરીકે હરેશ દવે, આંતરિક ઓડિટર તરીકે હર્ષદસિંહ વાઘેલા અને જનસંપર્ક મંત્રી તરીકે ધ્રુવ પટેલની વરણી કરવામાં આવી છે.

# બજેટમાં શ્રમજીવીઓનો અન્યાય ગુજરાત ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન

## દેશમાં ફૂટપાથ પર પશુ સમાન જીવન ગુજારતા લોકો માટે બજેટમાં કોઈ સમાવેશ નહિ

ગાંધીનગર, તા.૨

દેશના નાણામંત્રી દ્વારા શ્રેણીબધ્ધ રાહતો સાથે બજુટ રજુ થઈ ગયું છે. બજેટમાં પગારદારથી લઈને મધ્યમવર્ગને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસ કરવામાં આવ્યા છે ત્યારે ગાંધીનગર ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનના કહ્યા મુજબ, સરકારનું વચગાળાનું અંદાજપત્ર ખેડૂતો, અસંગઠીત મજુરો માટેની યોજનાઓ અને મધ્યમવર્ગ માટે રાહત જોતા પ્રશંસાપાત્ર છે પરંતુ દેશમાં ફૂટપાથ પર જીવન ગુજરાત લાખો લોકો માટે કોઈ જોગવાઈ નથી અને તેમના બાળકોતો શિક્ષણથી વંચિત જ રહેશે.

ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશનના પ્રમુખ બી.પી. પરમાર તથા મહામંત્રી વિરચંદભાઈના કહ્યા મુજબ સરકાર દ્વારા બંધારણમાં સૂચિત શિક્ષણ, રહેઠાણ અને ખોરાક જેવા મૂળભૂત હકકો નથી અપાયા તે બાબત સોચનીય છે. સરકારે મધ્યમવર્ગ માટે કરવેરા રાહત આપી છે પરંતુ સિનિયર/સુપર સિનિયર સીટીઝનને બાકાત રખાયા છે.

મનરેગા યોજના અંતર્ગત ૬૦ હજાર કરોડની જોગવાઈ અપૂરતી લાગી રહી છે. આ ઉપરાંત દેશની કુલ ૧૨૫ કરોડની વસ્તીમાં લગભગ ૨૫ કરોડ અનુસુચિત જાતિ/જનજાતિની સામે સરકાર દ્વારા અપાતી ૬૮૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ ઓછી લાગી રહી છે. નાણામંત્રી દ્વારા મજૂરના મૃત્યુ બાદ મળતા વળતરની કિંમત રૂપિયા છ લાખ નકકી થઈ છે પરંતુ મજૂરના મૃત્યુ બાદ તેના પત્નિ અને બાળકોના શિક્ષણ અને ભરણપોષણ માટે ઓછામાં ઓછી રૂ. ૧૦ લાખ જોગવાઈ કરવી જોઈએ. દેશમાં ૪૨ કરોડ અસંગઠિત મજૂરોનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટના ૫૦ ટકા જેટલો ફાળો છે તે ભૂલીને નાણાં મંત્રી દ્વારા મજૂરની જીંદગીની કિંમત ઓછી અંકાઈ રહી છે.

# બાલાપીર ચોકડી પાસે બસમાંથી ઉતરેલો નવસારીનો યુવાન લાપતા

ગાંધીનગર, તા.૨

નવસારીનો એક યુવાન અડાલજ બાલાપીર ચોકડી પાસેથી ગુમ થઈ ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ઠાકોરભાઈ રવીયાભાઈ પટેલે અડાલજ પોલીસ સ્ટેશનમાં કરેલી જાણવા જોગ મુજબ નવસારીના વાઘાબારી ગામે રહેતો તેમનો ૩૫ વર્ષિય સાળો જયેશ જગનભાઈ પટેલ મહેસાણા જિલ્લાના વડાસ્મા ખાતે કામ માટે આવ્યો હતો. તેની તબિયત બગડતા ૧૮ જાન્યુઆરીના રોજ પોતાના સહકર્મી સાથે નવસારી જવા માટે નીકળ્યો હતો. બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં અડાલજ ખાતે બાલાપીર ચોકડી પાસે બસ ધીમે



પડતા જયેશ ચાલુ બસે ઉતરી ગયો હતો. તેની સાથે આવેલો સહકર્મી પણ બસમાંથી ઉતરી ગયો હતો પરંતુ ભીડભાડને પગલે જયેશ દેખાયો ન હતો. પરિવારે થોડા દિવસ શોધખોળ કર્યા બાદ ગઈકાલે આ અંગે અડાલજ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. જેની જાણવા જોગ નોંધીને હેડ કોન્સ્ટેબલ ધવલસિંહે તેની શોધખોળ શરુ કરી છે. ગુમ થયેલો જયેશ ગુજરાતી તથા હિન્દી ભાષા જાણે છે. આશરે પાંચ ફૂટ ઉંચાઈ ધરાવતો અને રંગે શ્યામ વર્ણનો આ યુવાન શરીરે મધ્યમ બાંધાનો છે અને તેણે આછા પીળા કલરની અડધીબાયની ટી શર્ટ અને કાળા કલરની નાઈટી પહેરી છે.

# માણસા ખાતે રક્તપિત જાગૃતિ રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૨

આજરોજ ગાંધીનગર લેપ્રેસી વિભાગ દ્વારા માણસા ખાતે રક્તપિત્ત દિવસની ઉજવણી




કરવામાં આવી હતી. જેમાં સમગ્ર વિશ્વમાં તા.૩૦ મી જાન્યુઆરીના રોજને રક્તપિત દિવસ ઉજવણી કરવામાં આવે છે. જેને પગલે આજે માણસા અર્બન વિસ્તારમાં રેલી યોજવામાં આવી હતી. જેમાં મોટીસંખ્યામાં દર્દીઓ,નાગરીકો તેમજ રક્તપિત વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા. જયારે રેલી માણસા ખાતે વિવિધ માર્ગો પર ફરી હતી. માણસા તાલુકાના તમામ આરોગ્ય સ્ટાફમાં લેપ્રેસી (રક્તપિત્ત) અંગેની વધુ જાણકારી મળી રહે તે માટે એક વર્કશોપનું આયોજન કરાયું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા રક્તપિત્ત અધિકારી ડો.એમ.બી.ચૌહાણ, ડો.હર્ષદ પ્રજાપતિ, ડો.યોગીનીબેન દ્વારા રક્તપિત જાગૃતિ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જયારે ડો. એમ.બી.ચૌહાણ દ્વારા વર્કશોપમાં રક્તપિત્ત અંગે વિવિધ માહિતી આપવામાં આવી હતી. લેપ્રેસી તેમજ ટીબીના રોગ અંગે પણ વર્કશોપમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા રકતપિત્ત વિભાગ તરફથી જિલ્લા સુપરવાઈઝર તેમજ તમામ તાલુકા કક્ષાના કર્મચારીઓ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# આ તો બજેટ નથી, આ તો "પ્રધાનમંત્રી બચાવો" યોજના છે

લોકસભાની ચૂંટણી પહેલા કેન્દ્ર સરકારે વચગાળાનુ બજેટ સંસદમાં રજૂ કરવામાં આવ્યુ હતુ. જેમાં સરકારે મધ્યમવર્ગ ગરીબ અને ખેડૂત સહિત મહિલાઓને રાહત આપી છે. મોદી સરકારનું અંતિમ બજેટ રજૂ થતાં જ દેશવાસીઓએ સોશ્યલમીડિયા પર પોતાની પ્રતિભાઓ, કોમેન્ટ અને વિવિધ પ્રકારની પોસ્ટનો મારો કરી મુક્યો હતો. જાતજાત અને ભાતભાતની પોસ્ટો નેટીઝનોએ શેર કરી હતી. જેમાં ક્યાંક બજેટ અને મોદી વખાણ પણ થયા છે. તો ક્યાંક તેની જોરદાર ટીકા અને આલોચના પણ કરી હતી. જે મેસેજ, પોસ્ટના કેટલાક ચૂટકલા અહીં દર્શાવાયા છે.

- બીજેપીનું બજેટ એટલે... રિસાયેલા છોકરાને લોલીપોપ આપીને છેતરવું.
- પાંચ લાખ સુધીના ટેક્સમાં છૂટ અપાવવા માટે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢની જનતાનો આભાર.
- ૨૦૧૯નું જુમલા બુલેટ એક્સપ્રેસ... આગળના પાંચ વર્ષમાં ૧ લાખ ડિઝીટલ ગામ બનાવીશુ. તો પાછલા પાંચ વર્ષમાં કેટલા સ્માર્ટ સીટી બનાવી તે બતાવજો...
- ભારતીય જનતા પાર્ટી તો એવી ખુશ થઈ રહી છે કે બજેટ રજૂ થયા પછી મોદી-મોદીના નારા સંસદમાં નહી પણ રોડ પર લાગ્યા હોય...
- ખેડૂતોના 'ખાતા'માં ૬ હજાર, હવે આપો આપ દર વર્ષે આવશે જેમ ૧૫ લાખ આવી ગયા તેમ..!!!
- માસૂમ પ્રશ્ન... વિપક્ષ આ બજેટથી હતાશ કેમ છે, જો કે આ બજેટ તો કિસાન, ગરીબ, ઈમાનદાર માટે ખુશીયોનો ખજાનો છે. એટલે સાફ છે કે તે વિપક્ષીઓના હિતૈસી નથી.
- આજે કોઈપણ દુકાન પર સારા લોલીપોપ ન મળ્યા કેમ કે પિયૂષ ગોયલજીએ બધા ખરીદી લીધા હતા વેચવા માટે ભક્તો ચૂસતા રહો...
- ટેક્સ ઓછો, જીએસટી ઓછો, પેટ્રોલ ગેસના ભાવ ઓછા... પાંચ રાજ્યોમાં હારતા જ બીજેપી કેટલી સમજદાર થઈ ગઈ છે... કદાચ આખા દેશમાં હારી જાય તો ?
- થોડા સમય પહેલા એક બજેટમાં આપ્યુ હતુ ૧૦૦ સ્માર્ટ સીટીનું વચન... જો ક્યાંય બનતી હોય તો કેજો જોવાનું બરોબર મન થયું છે.
- સીએમ રૂપાણી કહે છે કે હુ આ બજેટને ૧૦માંથી ૧૦ માર્ક આપુ છુ. ભક્તે કહ્યુ પેપર ક્યારે લેવાયુ હતુ...
- મને ભય છે કે સદીના સર્વશ્રેષ્ઠ બજેટને પાકિસ્તાન અને ચાઈના કોપી ન કરી લે...
- બજેટમાં ન બેવડી આવકનો હિસાબ, ના સ્માર્ટ સીટીનો જવાબ, ન શિક્ષાની વાત, ન રોજગારીની વાત. બસ માત્ર ચૂંટણી લોલીપોપ જ આપ્યુ છે. અનપઢ રહેશે ઈન્ડિયા ત્યારે તો અનપઢને ચૂંટશે ઈન્ડિયા.
- બ્રેકિંગ ન્યૂઝ મોદીજીનુ બજેટ જોઈને પપ્પુ કોમામાં જયશ્રી રામ...
- રક્ષા બજેટ ૩ લાખ કરોડનું સાંભળતા જ મહાગઠબંધનમાં માતમની લહેર...

● અનુસંધાન પાના - ૭ પર

# સૂકા અને જોખમી વૃક્ષો દૂર કરવા વન તંત્રનું અભિયાન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં વનતંત્ર દ્વારા છેલ્લા એક વર્ષ દરમિયાન ૨૩૭ જેટલા સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવી છે વન તંત્ર દ્વારા ૨૬૭ વૃક્ષોનું



માર્કિંગ કરવામાં આવ્યું છે જો કે હજુ પણ સુકા વૃક્ષો ચાલુ છે શહેરમાં હાલ પણ આ પ્રકારના જોખમી વૃક્ષો કાપવાની કામગીરી ચાલી રહી છે આજે સેક્ટર ૧૯ મા પણ સુકા વૃક્ષો દ્વારા દૂર કરાયા હતા સૂકા અને જોખમી વૃક્ષો ઘણીવાર જાનલેવા અકસ્માતનું કારણ બનતા હોય છે આ સ્થિતિને ધ્યાને લઈ વન તંત્ર દ્વારા સતત ભયજનક વૃક્ષો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

હરિયાળી વનરાજીથી ઘેરાયેલા શહેરમાં ઘટાદાર વૃક્ષો નુ ઘેરાવો જોવા મળે છે વન તંત્ર દ્વારા વન તંત્ર દ્વારા પ્રતિવર્ષ વરસાદી દિવસો ને અનુલક્ષીને નવા રોપાવો ની વાવણી કરવામાં આવે છે જ્યારે નવા રોપાઓની વાવડી ઉપરાંત તેના જતન અને જાળવણી માટે તંત્ર દ્વારા મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યા ને અનુલક્ષી લોખંડની ફેન્સીંગ નુ કામ પણ હાથ ધરાયું છે હાલ વન તંત્ર દ્વારા નગરના મુખ્ય માર્ગો ના કલર કોડ પ્રમાણે રંગબેરંગી ફૂલો નિખારવા નું પણ આયોજન કરવામાં આવ્યું છે બીજી તરફ શહેરમાં સુકા વૃક્ષો ને દુર કરવા પણ વન તંત્રએ ઝુંબેશ હાથ ધરી છે.

## ટેન્ડર નોટીસ

સેક્ટર-૩૦થી સંચાલિત ઉદયભાણસિંહજી સહકારકી સંસ્થાને ઝેરોક્ષ કામો માટે વાર્ષિક ધોરણે એજન્સીઓ નિમવાની થાય છે. રસ ધરાવનાર એજન્સીઓ / વ્યક્તિઓએ જાહેરાત પ્રસિદ્ધ થયે સંસ્થાનમાં રૂબરૂ આવી ટેન્ડર મેળવી તે પ્રમાણે બંધ કવરમાં ભાવ ભરી દિન-૭માં સંસ્થાનમાં પહોંચતા કરવાના રહેશે. વધુ માહિતી માટે સંપર્ક નં. ૨૩૨૬૦૭૮૩, ૨૩૨૬૧૭૧૫

## ખેડબ્રહ્મા નગરપાલિકા

### જાહેર નિવિદા - ૩/૨૦૧૯

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા નીચે મુજબના કામો માટે માલિકીની બોરીંગ ગાડીઓ ધરાવતા / સરકાર માન્ય રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. જે માટેના ટેન્ડર ફોર્મ બોરીંગ ગાડીની માલિકીના આધાર પુરાવા / સરકારશ્રીમાં માન્યતા અંગેના આધાર વગેરે રજૂ કર્યેથી ટેન્ડર કોપીઓ મળી રહેશે. ટેન્ડર કોપીઓ રજાના દિવસ સિવાય, ઓફીસ સમય દરમિયાન તા. ૧૧/૨/૧૯ સુધીમાં મળી રહેશે. પુરેપુરી વિગતો / જરૂરી સહીઓ સાથે ભરેલ ટેન્ડરો સીલબંધ કવરમાં તા. ૧૪/૨/૧૯ સુધીમાં જરૂરી બાનાની રકમ (ફક્ત ડી.ડી.) સહિત ફક્ત આર.પી.એ.ડી.થી બપોરના ૧૫.૦૦ કલાક સુધીમાં પરત કરવાના રહેશે.

| કામનું નામ | અંદાજીત રકમ રૂ. | ટેન્ડર ફી રૂ. | બાનાની રકમ રૂ. | મુદત |
|---|---|---|---|---|
| ૧. લાલહિ કંપામાં બોર, મોટરનું કામ | ૧૧૦૦૫૯.૦૦ | ૬૦૦.૦૦ | ૧૨૦૦.૦૦ | ૧ માસ |
| ૨. વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ માટે શેડ, કમ્પાઉન્ડ વૉલ, ગેટ તથા વૃક્ષારોપણનું કામ (બોર તથા આનુષાંગિક કામ) | ૧૨૭૨૨૦.૦૦ | ૬૦૦.૦૦ | ૧૩૦૦.૦૦ | ૧ માસ |

અધુરી વિગતો વાળા, સમય મર્યાદા બહાર આવેલ ટેન્ડરો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આવેલ ટેન્ડરો પેકી કોઈપણ ટેન્ડર મંજુર / નામંજુર કરવાનો અધિકાર નગરપાલિકાને રહેશે. જે અંગે કોઈ વાંધો વિરોધ ગ્રાહ્ય રહેશે નહીં. શક્ય હશે તો ટેન્ડરો તા. ૧૫/૨/૧૯ના રોજ ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

એચ. એ. લોઢાવાલા, ચીફ ઓફીસર
નિકુંજ વાય. રાવલ, ચેરમેન, પાણી પુરવઠા સમિતિ
ધર્મેન્દ્ર આર. મહેતા, ચેરમેન, કારોબારી સમિતિ
અરવિંદભાઈ આર. ઠક્કર, ઉપપ્રમુખ
ઝલકબેન એમ. પટેલ, પ્રમુખ